અમદાવાદ મધ્યસ્થ જેલના હિસાબી અધિકારીને ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે અધિકૃત કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
## ઠરાવ ક્રમાંકઃજલક/૧૧૨૦૧૧/૪૮૯૧/જ.
## સચિવાલય, ગાંધીનગર.
## તારીખઃ૧૯/૦૭/૨૦૧૪

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ગૃહ વિભાગના તા.૦૫/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃજલક/૧૧૨૦૧૧/૪૮૯૧/જ

(૨) પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી,ગુજરાત રાજ્ય,અમદાવાદના તા.૧૯/૦૬/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ મકમ/ખ-૧/૧૨૭૮/૨૦૧૪

(૩) નાણાં વિભાગના તા.૧૧/૨/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ તજર-૧૦૦૫-૨૪૧-ઝ

(૪) નાણાં વિભાગના તા.૩૦/૦૫/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃતસમ-૩૪-૨૦૧૨-યુઓઆર-૦૪-ધ

<u>ઠરાવઃ</u>

અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે નાણાકીય લેવડ-દેવડના હેતુ માટે હિસાબી અધિકારી (વર્ગ-૨)ની જગ્યા આમુખઃ(૧)માં દર્શાવેલ ગૃહ વિભાગના ઠરાવથી ઉભી કરવામાં આવેલ છે. આ ઉભી કરાયેલ જગ્યા નાણાં વિભાગ દ્વારા ભરાયેલ ન હોઇ વિશેષ હવાલો હંગામી ધોરણે પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરીના હિસાબી અધિકારી શ્રી બી.એસ.ઠાકોરને તે કચેરીના તા.૦૧/૦૩/૨૦૧૪ના કાર્યાલય આદેશથી સોંપવામાં આવેલ છે.

હાલ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ઉપાડ અને વહેંચણી અધિકારીની ફરજો વહીવટી અધિકારી (વર્ગ-૨) સંભાળે છે જેનો કાર્ડેક્ષ નં.-૫૧-૬૦૯-૦૦૯૪-૦૦ છે. પરંતુ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે હિસાબી કામગીરી સંબંધિત નાણાકીય લેવડ-દેવડ માટે હિસાબી અધિકારી (વર્ગ-૨) સંવર્ગની જગ્યા ઉભી કરાયેલ હોઇ, ઉપાડ અને વહેંચણી અધિકારીની ફરજો હિસાબી અધિકારી (વર્ગ-૨)ને હસ્તાંતરીત કરવા આમુખઃ૨માં દર્શાવેલ ક્રમાંકથી જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી તરફથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

૨. ઉક્ત બાબતે નાણાં વિભાગે આમુખઃ(૩)માં દર્શાવેલ નાણાં વિભાગના તા.૧૧/૦૨/૨૦૦૮ના ઠરાવની જોગવાઇ મુજબ કચેરીના વડા હેઠળના ઉપાડ અને વહેંચણી અધિકારીના કોડમાં કોઇ ફેરફાર થતો ન હોય તો ઉપાડ અને વહેંચણી અધિકારીના હોદ્દા ફેરફારના કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ નાણાં વિભાગના પ્રસ્તુત ઠરાવની જોગવાઇઓને આધિન અમદાવાદ મધ્યસ્થ જેલના હિસાબી કામગીરી સંબંધિત નાણાકીય લેવડ-દેવડની

કામગીરીના હેતુસર વહીવટી અધિકારી (વર્ગ-૨)ને બદલે ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેની ફરજો હિસાબી અધિકારી(વર્ગ-૨)ને આથી, અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધીમંત એ.પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સંયુક્ત સચિવશ્રી(તિજોરી), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- સર્વે અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/ઓપન જેલ/હેડ ક્વાર્ટર સબ જેલ (જે.ઈ.જ.શ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, **'આર'** શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.